## || ૐ શ્રી સાઈરામ ||
## || ૐ શ્રી સાઈ આપન્નીવારીણે નમઃ || (૧૦૪)
## જે બધી આપત્તિઓનું નિવારણ કરે છે તે
## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

જ્યારે જ્યારે ભક્તો પર આપત્તિ આવે છે, ત્યારે ત્યારે તેનું નિવારણ કરવા માટે ભગવાનને દોડવું પડે છે. ભક્ત ગમે ત્યાં હશે, તો પણ ભગવાનનું તેની તરફ ધ્યાન હોય છે. સ્વકર્મને લીધે આવનારા સંકટનો સામનો કરવાનું બળ પરમેશ્વર જ આપતો હોય છે. આપત્તિમાંથી માર્ગ કાઢીને મનુષ્યને સુખરૂપ ભવસાગર પાર કરાવવાનું કામ ભગવાન કરતા હોય છે.

કેટલાક વર્ષો પહેલાં લંડનના કેટલાક ભક્તોએ સ્વામીની પરવાનગીથી 'શ્રી સાઈરામ સેંટર ' શરૂ કર્યું. એમાં ચાલનારું કાર્ય જોઈને લંડનના રહેવાસી જે સ્વામીના ભક્ત નહોતાં તે પણ પ્રભાવિત થયાં અને ત્યાંની આધ્યાત્મિક સંસ્થા તેમજ ચર્ચે આ કાર્ય જાણી લેવાની ઉત્સુકતા દર્શાવી.

તે મુજબ, સ્વામીના એક ભક્ત ડૉ. ગઢિયા તે સંસ્થાએ આયોજિત કરેલા ઠેકાણે જઈને સ્વામી, તેમનું ચરિત્ર, કાર્ય, ભક્તોના અનુભવ આ વિશે માહિતી આપવા લાગ્યા. આ કાર્યક્રમમાં ઉત્સુક તેમજ અભ્યાસુ વૃત્તિના લોકોની ભીડ થવા લાગી.

આવી જ રીતે એક વખત ચર્ચમાંનો પ્રોગ્રામ સમાપ્ત થયા પછી ડૉ. ગઢિયા બહાર આવ્યા ત્યારે એક અંગ્રેજ મહિલા આવીને તેમને મળી અને બોલી – " મારા પતિ તમને મળવા માંગે છે, તમે તેમને મળશો?" ડૉક્ટરે ખુશીથી સંમતિ દર્શાવી અને તે બન્ને નજીક જ બેઠેલા તેના પતિ પાસે ગયા. ડોક્ટરને જોઈને તેમને ઘણો આનંદ થયો અને તે બોલ્યા - ' ડૉ. તમે પાછલા જન્મ માં મારા ભાઈ હતા, આ જન્મમાં પણ મારા ભાઈ છો અને આગલા જન્મમાં પણ મારા ભાઈ હશો! એ તમને માન્ય છે?" આ સાંભળીને ડૉ. ગઢીયા બોલ્યા - " સો ટકા સાચી વાત છે! હું મારા પિતા, તેમના પિતા એવી રીતે પાછળ જાઉં અને તમે પણ પાછળ જશો તો જણાશે કે, આપણે એક જ ' આદમ - ઈવના ' સંતાન છીએ અથવા એક જ ભગવાનના( GOD Generator , operator, Destroyer) સંતાન છીએ." અર્થાત્ આપણે બધા ભાઇ-ભાઇ જ છીએ.

ડોક્ટરના આ જવાબથી તે સદગૃહસ્થને ઘણો આનંદ થયો અને તેમણે અત્યાનંદથી અને પ્રેમથી ડોક્ટરની ગાઢ આલિંગન આપ્યું. ડોક્ટરે પણ તેમના પ્રેમનો સ્વીકાર આલિંગનથી કર્યો અને અચાનક એક અઘટિત ઘટના ઘટી, તે સદ્ગૃહસ્થ અસ્વસ્થ થવા લાગ્યા. તે શ્વાસોચ્છવાસ કરી શકતા નહોતા અને

તેમને ચીસ પાડી --" મારું પેસમેકર તૂટ્યું છે! જલદીથી એબ્યુલન્સ બોલાવો" અને જોતજોતામાં તેમનો ચહેરો કાળો પડવા લાગ્યો.

આ દ્રશ્ય જોતા જ ડૉ. ગઢિયાને બ્રહ્માંડ દેખાવા લાગ્યું. ( તે ખૂબ જ ડરી ગયા.) આ સદગૃહસ્થે તેમના હૃદયને સ્પેસમેકર લગાવ્યું છે એની તેમને ખબર નહોતી. આ તો ખૂબ મોટી આપત્તિ હતી. આપણે શું કરતા હતા અને શું થયું? આવા પ્રસંગે તેમને યાદ આવ્યા તે ફક્ત આપત્તિ નિવારણ કરવાવાળા સ્વામી. તેમણે કરુણ અંતઃકરણથી તેમને પ્રાર્થના કરી અને તેમના અંતઃકરણમાં શબ્દ પ્રગટ્યા-"તેમના મોઢામાં વિભૂતિ નાંખ અને હૃદય પર વિભૂતિથી ૐ કાર લખ." સ્વામીની આજ્ઞા શિરોધાર્ય. માનીને ડૉ.ગઢિયાએ તે સદ્દગૃહસ્થના મુખમાં ચપટી ભરીને વિભૂતિ નાંખી અને તેમના હૃદય પર આંગળી વડે વિભૂતિનો ૐ કાર લખ્યો.

એક જ મિનિટમાં આશ્ચર્યકારક બનાવ બન્યો. તે સદ્ગૃહસ્થનું હૃદય પૂર્વવત્ કામ કરવા લાગ્યું અને તે પણ પ્રેસમેકર વગર! તેમનો ચહેરો ધીરે ધીરે બદલાવા લાગ્યો અને તે મોટેથી બોલ્યા-"સાઈબાબાએ મારું હૃદય ફરીથી શરૂ કર્યું. આજે જ તેનો અનુભવ પણ લીધો." આ ભક્ત આગળ જતા સ્વામીના અસીમ ભકત બન્યા. અહીંયાં ડૉ. ગઢિયા માત્ર સ્વામીનો વારંવાર આભાર માનતા હતા, જેમણે આટલી મોટી આપત્તિમાંથી તેમને અને તે સદગૃહસ્થથને બહાર કાઢ્યા હતા.

॥ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ॥